અપીલ અરજી નં.૮૪ તા.૧૩–૫ –૧૧ તથા તા.૨–૬–૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે. એ. ધીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે. એ. ધીવાલાની તા.૬–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં. (૧) કોઈપણ નોંધ/સર્વે નંબરના ટેનામેન્ટમાં રીપેરીંગ કરવુ/કરાવવું હોય તો રીપેરીંગ કરાવતા અગાઉ (પહેલા) શહેર વિકાસ વિભાગની મંજુરી લેવી પડે છે? વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૫–૧૧ ની તથા તા.૨–૬–૧૧ની SMC/FAP/ નં.૮૪/૨૦૧૧–૧૨

શ્રી કે. એ. ધીવાલાની તા.૬–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) કોઈપણ નોંધ/સર્વે નંબરના ટેનામેન્ટમાં રીપેરીંગ કરવુ/કરાવવું હોય તો રીપેરીંગ કરાવતા અગાઉ (પહેલા) શહેર વિકાસ વિભાગની મંજુરી લેવી પડે છે? વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ પૈકી કેટલીક સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની પણ જણાય છે. તે વેબ પર પ્રસિધ્ધ થયેલ છે કે કેમ? તે વિગતો પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૧ તા.૨૪–૫–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં તા.૬–૪–૧૧ ની અરજી અંગે દિન–૨૮ ના વિલંબથી તા.૨–૬–૧૧ થી પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/આ.નં.૩૨૮ થી આપેલી માહિતીના પત્રની નકલ, તા.૧૧–૪–૧૧ ની અરજી બાબતે દિન–૨૩ ના વિલંબથી તા.૨–૬–૧૧ થી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૨૯ થી આપેલી માહિતીના પત્રની નકલ, તા.૨૦–૪–૧૧ની અરજી બાબતે દિન–૨૨ ના વિલંબથી તા.૧૦–૬–૧૧ થી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૩૬૪ થી આપેલી માહિતીના પત્રની નકલ, તા.૨૯–૪–૧૧ ની અરજી બાબતે દિન–૯ ના વિલંબથી તા.૬–૬–૧૧ થી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૪૨ થી આપેલી માહિતીના પત્રની નકલ, અરજદારની તા.૨૯–૪–૧૧ થી અરજી બાબતે દિન–૧૯ ના વિલંબથી તા.૧૬–૬–૧૧ ના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૩૯૨ થી આપેલી માહિતીના પત્રની નકલ તથા સેકશન ઓફિસર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૩૬ તા.૪–૬–૧૧ થી અરજદાર તરફથી માહિતી માંગતી તા.૬ –૪–૧૧, તા.૧૧–૪ – ૧૧ , તા.૨૦–૪–૧૧, તા.૨૯–૪–૧૧ તથા તા.૩૦–૪–૧૧ ના રોજ કરેલી અરજીઓની નકલ તથા ફી ભર્યાની વિગતો અત્રે મળેલ છે.

(૧)અરજદારની આઈ ડી. નં.૧૮ તા.૬–૪–૧૧ ની અરજીથી મકાન રીપેરીંગ અંગે મંજુરી અને રીપેરીંગના નિરીક્ષણ બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) કોઈપણ નોંધ/સર્વે નંબરના ટેનામેન્ટમાં રીપેરીંગ કરવુ/કરાવવું હોય તો રીપેરીંગ કરાવતા અગાઉ (પહેલા) શહેર વિકાસ વિભાગની મંજુરી લેવી પડે છે? મુદ્દા નં.૨ જે તે ટેનામેન્ટ રીપેરીંગ કરવું /કરાવવું હોય તે માટે મંજુરી માંગતી કરવામાં આવતી અરજીમાં નોંધ/સર્વે નંબર, ટેનામેન્ટ નંબર, જે તે ટેનામેન્ટ રીપેરીંગ કરવાનુ હોય તેનુ માપ અને કયા ફલોર નું રીપેરીંગ કરવાનુ છે તે દર્શાવવું પડે છે? મુદ્દા નં.(૩) જો કોઈ ટેનામેન્ટ રીપેરીંગ કર્યા પહેલા શહેર વિકાસ વિભાગ ની મંજુરી મેળવી ન હોય તો રીપેરીંગ થઈ ગયા પછી મંજુરી માંગતી અરજી કરી શકાય? મુદ્દા નં.૪ જે તે નોંધ નંબર/સર્વે નંબર પૈકી એક ટેનામેન્ટની રીપેરીંગ કરવા માટેની મંજુરી મેળવ્યા બાદ તે જ સર્વે/નોંધ નંબર પૈકીના બીજા અન્ય ટેનામેન્ટને રીપેરીંગ કરી શકાય? મુદ્દા નં.૫ જે તે ટેનામેન્ટ નંબર રીપેરીંગ કરવાનું હોય તેનું સ્થળ નિરીક્ષણ રીપેરીંગ થયા પહેલા અને રીપેરીંગ થઈ ગયા પછી ખાતા ધ્વારા કરવાનું હોય છે? મુદ્દા નં.૬ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રીપોર્ટ ઉપર જે ટેનામેન્ટ નંબર દર્શાવ્યો હોય તે જ નંબરની મિલ્કત એટલ ે કે તે જ ટેનામેન્ટ રીપેરીંગ કરવું પડે? જે બાબતે અરજદારે તા.૬–૪–૧૧ ની શહેર વિકાસ વિભાગને રીપેરીંગ કરવું હોય તો તેની શી પ્રોસીજર અને શું જરૂરત હોય તેની જાણકારી માટે કરેલી અરજીનો જવાબ મળેલ નથી જે અંગે તા.૧૩–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૨૮ તા.૨–૬–૧૧ થી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે. તેવું જણાવેલ છે. પરંતુ અરજદાર તરફથી મકાન રીપેરીંગ કરાવવું હોય તો તેની મંજુરી માટે ટેના નંબર, માપ, ફલોર, વિગેરે વિગતો અરજીમાં જણાવવાની હોય છે કે નહીં તથા રીપેરીંગ બાદ કે પહેલા તેની નિરીક્ષણ અને જણાવેલ મિલ્કતમાં નિર્દિષ્ટ ટેનામેન્ટ ની મંજુરીથી અન્ય ટેનામેન્ટનું રીપેરીંગ કરાવી શકાય તથા સ્ટ્રકચરલ

સ્ટેબીલીટી રીપોર્ટ માં દર્શાવેલ હોય તે જ ટેનામેન્ટ નંબર રીપેરીંગ કરવું પડે  તેવા પ્રશ્ન બાબતે છે જે આરટીઆઈ એકટની કલમ–૪ (૧) (બી) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી હેઠળ આવે. જેથી  કોઈ પણ અરજદાર અરજી કરે તો આવી વિગતોના મેન્યુઅલ ૨ થી ૪ અન્વયે અનુક્રમે  અધિકારી/કર્મચારીઓની  ફરજો,  નિર્ણય લેવાની પ્રક્રિયા  અને અનુસરવાની પધ્ધતિ, દેખરેખ  અને નિરીક્ષણની  પ્રક્રિયા,  કામના નિકાલના ધોરણો  જણાવવા આદેશાત્મક છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી.

(૨) અરજદારે અપીલ તબકકે  તા.૨–૬–૧૧ ના રોજ  પુનઃ  અપીલ કરી  તેમાં તેને  પહેલા કરેલી તા.૬–૪–૧૧ ની અરજી સહિત અન્ય તા.૧૧–૪–૧૧, તા.૨૦–૪–૧૧, તા.૨૯–૪–૧૧ તથા તા.૩૦–૪–૧૧ ના રોજ માહિતી માંગતી માહિતી  બાબતે પણ અપીલ અરજી કરેલ છે જેમાં આઈ ડી નં.૪૦ તા.૧૧–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ.  જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૨૯ તા.૨–૬–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) ઉપરોકત  ૧૨/૧૩૫૨ વાળી મિલ્કતમાં ૨૫ થી ૩૦ ટેનામેન્ટ  આપેલ છે તેમાના કોઈ પણ  એક ટેનામેન્ટના રીપેરીંગ માટે  ટ્રસ્ટી ધ્વારા ટ્રસ્ટના લેટરપેડ ઉપર તા.૨૫–૩–૦૮ ના શહેર વિકાસ ખાતાના  મકાન રીપેરીંગ અંગે મિલ્કતમાં આવેલ ઘરનું રીપેરીંગ કામ સબીયા સૈયદ મોહંમદ  અબ્બાસ  પોતાના ખર્ચે  રીપેરીંગ કરાવે તો  અમોને એટલે કે  અમારા ટ્રસ્ટને  વાંધો નથી. " તેમ જણાવેલ છે. પરંતુ  તેનો ટેનામેન્ટ  દર્શાવેલ નથી  અને આ ટેનામેન્ટ નંબર નથી દર્શાવેલો  એટલે કે ૧૨/૧૩૫૨ માં રીપેરીંગ  અંગે ટ્રસ્ટ ધ્વારા મંજુરી આપેથી  કોઈ પણ ટેનામેન્ટ આ મિલ્કત પૈકીનું  રીપેરીંગ કરી શકાય?  તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. તેવું જણાવેલ છે.   મુદ્દા નં.૨ તા.૨૭–૩–૦૮ ના પ્રતિ કાર્યપાલક ઈજનેરશ્રી  સેન્ટ્રલઝોનને શહેર વિકાસ  વિભાગને રીપેરીંગ માટે  મંજુરી માંગતી અરજી  સૈયદ સબીયા અબ્બાસ  ધ્વારા આપેલ હતી  તેમાં પણ ટેનામેન્ટ નંબર દર્શાવેલ નથી કે  કયુ ટેનામેન્ટ રીપેરીંગ કરવાનું છે  તો સ્થળ  તપાસ રીપોર્ટ  પરથી જાણકારી મેળવી  કયો ટેનામેન્ટ નંબર  રીપેરીંગ થયો તેની  માહિતી આપવા બાબત.  તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૧૩૫૨ વાળી મિલ્કતમાં કુલ ટેના નં.૧૨એ–૧૫ –૦૯૩૧–૦–૦૦૧ થી ૦૧૦ ,૦૧૨ થી ૦૧૩, ૦૧૬ થી ૦૧૯, ૦૨૧,૦૨૩ થી ૦૨૫, ૦૨૯ થી ૦૩૨ આવેલ છે. આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે. તેવું જણાવેલ છે. જે અરજદારને આપવામાં આવેલ છે. મુદ્દા નં.૩  ૧૨/૧૩૫૨  પૈકી રીપેરીંગ  થયેલ ટેનામેન્ટનું  માપ રીપેરીંગની  મંજુરી માંગતી તા.૨૭–૩–૦૮ ની અરજીમાં કે ટ્રસ્ટી ધ્વારા ૨૫–૩–૦૮  રીપેરીંગની  મંજુરી આપતી લેટર ઉપર રીપેરીંગ થનારા ટેનામેન્ટનું માપ  દર્શાવેલ નથી   સ્ટ્રકચરલ સ્ટેબીલીટી  રીપોર્ટમાં પણ રીપેરીંગ  થનારા ટેનામેન્ટ નું માપ દર્શાવેલ નથી. તો માપ શું હતું લંબાઈ× પહોળાઈ  જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડમાં રીપેરીંગ બાબતોના માપો અંગે કોઈ વિગતો ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ તા.૨૧–૩–૦૮ ના રજીસ્ટર્ડ સ્ટ્રકચરલ  ડીઝાઈનર  મ્યુ. કોર્પોરેશનને સ્ટ્રકચરલ અને સર્ટીફીકેટ પર રીપેરીંગ થનારા ટેનામેન્ટનો નંબર ૧૨એ–૧૫ – ૦૯૮૧ –૦–૦૧૮ (૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧) દર્શાવેલ છે આ મિલ્કત ૧૨/૧૩૫૨  પૈકીમાં આ ટેનામેન્ટ કોઈ ટેનામેન્ટનો છે?  અને તેના કબ્જેદાર વસવાટ કરનારનું નામ જણાવવા મહેરબાની  કરશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ટેનોમન્ટ નંબર મુજબના વેરાબીલમાં કબ્જેદારની વિગતો દર્શાવવામાં આવેલ છે તે ચકાસી લેવા વિનંતી તેવું જણાવેલ છે.  પરંતુ  સાથે વેરાબીલની નકલ કે તેવો કોઈ આધાર આપ્યાનો ઉલ્લેખ નથી. આમ અરજદારને આઈ ડી નં.૪૦ તા.૧૧–૪–૧૧ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વિગતો પૂરી પાડવામાં આવેલ છે.

આમ મુદ્દા નં.૧ અંગે  જે નીતિ અને જોગવાઈ સબંધી છે તેની માહિતી  આપવા જોગ થાય તે આપેલ નથી.  મુદ્દા નં.૨ તથા ૩ જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર  યોગ્ય છે દફતરી વિગતો આપવાની જોગવાઈ છે. સ્થળ તપાસ કરીને આપવાની રહેતી નથી. મુદ્દા નં.૪ માં માહિતી આપેલ છે  પણ સંદર્ભ કરેલ ટેના. નંબરના વેરાની નકલ  અથવા પાર્ટી સ્ટેટસની નકલ આપેલ નથી  તે આપવા જોગ થાય. (૩)અરજદારની આઈ ડી નં.૮૫ તા.૨૦–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) અમોએ  અમારી આરટીઆઈની અરજી તા.૧૧–૨–૧૧ માં  આપના ખાતા   સેન્ટ્રલઝોન પાસે એસેસમેન્ટ અને રીકવરી  વિભાગમાં ટ્રસ્ટી ધ્વારા ૮–૧૨–૦૬ નો ટેનામેન્ટ ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ (૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧) નો ટેનામેન્ટને ડીલીટ કરવા અરજી આપેલી હતી  તો  તેઓની કાર્યવાહી કરી કઈ તારીખે  આ ટેનામેન્ટ દુર કર્યુ  જણાવશો.  હાલમાં તો  રેકર્ડ બધે   કોમ્પ્યુટરરાઈઝ થઈ ગયેલ  હોઈ એક  કલીક કરી  આપ જાણકારી મેળવી  અમોને માહિતી આપી શકો તેમ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી  સદર ટેનામેન્ટ નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ વાળી  મિલ્કત તા.૧–૧૨–૦૬ ની અસરથી કમી કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.  મુદ્દા નં.(૨)  આપના ખાતા ધ્વારા તા.૨૪–૧૨–૧૦ ના પત્રથી માંગેલ માહિતીની  જવાબ તા.૨૧–૧–૧૧ પત્ર નં.૧૩૧ થી  જણાવેલ છે કે ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ ભાદુત સરદારખાં કાશમખાંનું નામ કમી થતા મિલ્કતના કાચા બાંધકામને  રીપેર કરી ગર્ડર  ચેનલવાળુ ભોંયતળીયાનું  બાંધકામ કર્યુ હોવાનું  જણાવેલ છે તે આ રીપેરીંગ  કરવા માટે કોના ધ્વારા  રીપેરીંગની  મંજુરી માંગતી અરજી  આવેલ હતી?  કઈ તારીખે આવી હતી? કઈ તારીખે  રીપેરીંગની મંજુરી આપી  સ્થળ તપાસ  થયેલ હતી?  જાણકારી આપવા મે. કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી  સદર બાબતે  ઉપરોકત ટેનામેન્ટ રીપેરીંગ કરવા માટે સૈયદ સબીયા સૈયદ આગાહસન  અબ્બાસ   ધ્વારા તા.૨૭–૩–૦૮ થી રીપેરીંગ કરવા અંગેની જાણ કરતી અરજી આવેલ. વધુમાં અન્ય બાબતે   સેન્ટ્રલઝોનનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ રેકર્ડ ઉપર જણાતી નથી.  તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ પત્ર નં.૧૩૧ ૨૧–૧–૧૧ ના ગર્ડર  ચેનલવાળા રીપેરીંગ થયેલી છે તેની  માહિતી આપી હતી તે  રીપેરીંગ અંગે  આપેલ મંજુરી  માંગતી અરજી ટ્રસ્ટ ધ્વારા મંજુરીની  ઝેરોક્ષ અને  સ્ટ્રકચરલ  સ્ટેબીલીટી  રીપોર્ટ અને રીપેરીંગ થવાના છે તે ટેનામેન્ટના ફોટાની  નકલ આપવા  નમ્ર

અરજ છે આ રીપેરીંગ તા.૧–૪–૦૭ ની અસરથી દાખલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે ટ્રસ્ટ ધ્વારા મંજુરીની ઝેરોક્ષ અને સ્ટ્રકચરની સ્ટેબીલીટી રીપોર્ટ અને રીપેરીંગ થવાનું છે તે ટેનામેન્ટના ફોટાની નકલના નકલ દીઠ ૧રૂા.ર/– લેખે કુલ ૩ પાનાના રૂા.૬/– ભર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. પરંતુ અરજદારે તે નાણા ભરીને મેળવેલ છે કે કેમ તેવું બંને પક્ષકાર તરફથી જણાવેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત સમય અવધિ બાદ ફી ભરવા જણાવેલ છે. મુદ્દા નં.૪ અમારી તા.૧૧–ર–૧૧ ની અરજી આટીઆઈ ની માં માંગેલ માહિતી માં માંગણી કરી હતી તે ૮–૧ર–૦૬ ની ટ્રસ્ટી ધ્વારા ડીલીટ માટે આવેલ અરજીના તુમારના પેપરો ઉપલબ્ધ નથી તો તે પેપરો ડીલીટ કરી નાંખેલ છે ? તે પેપરો ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે તો તે પેપરો ઉપલબ્ધ ન હોવાનું કારણ જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન તરફથી આઈ ડી નં.૧ર૦૭ તા.૧૧–ર–૧૧ ની અરજીના અનુસંધાને પાઠવેલ જવાબ અવલોકનમાં લેવા વિનંતી. જેમાં જણાવ્યા મુજબ તુમારના કાગળો ઉપલબ્ધ ન હોવાનું આકારણી દફતરો જેવા કે, એસેસમેન્ટ રજીસ્ટર, ડીમાન્ડ રજીસ્ટર અને કટબુકનું ઈન્સ્પેકશન પુરું પાડવાની તૈયારી રાખવામાં આવેલ છે. છતાં તમારા ધ્વારા ઈન્સ્પેકશન કરવામાં આવેલ નથી ઈન્સ્પેકશન ફી પ્રથમ અડધા કલાક માટે કોઈ નથી પરંતુ ત્યાર બાદ સમય મુજબ નિયત ફી ભરવાની રહેશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(પ) આપે તા.૧૧–ર–૧૧ ની આરટીઆઈની માહિતીના સંદર્ભે પ–૩–૧૧ પત્ર નં.૧૭પ૯ માં જણાવેલ છે કે (પૂર્તતા–ર માં) ર૭–૩–૦૮ ના પત્રથી સદર મિલ્કત રીપંરીંગ અંગેની જાણ કરેલ છે તો ર૭–૩–૦૮ ની અરજી રીપેરીંગ કરવાનું છે તેમ જણાવી રીપેરીંગની પરવાનગી શહેર વિકાસ ખાતા પાસે માંગણી કરેલ છે તો તે અરજી અંગે વિગતવાર માહિતી આપશો. ર૭–૩–૦૮ ની અરજી સાથે સામેલ છે આ માંગણી સબીયા સૈયદ અબ્બાસે ર૭–૩–૦૮ ના રોજ કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે સબીયા સૈયદ અબ્બાસ ધ્વારા રીપેરીંગની જાણ કરતી અરજીના પાનાની નકલના નકલ દીઠ રૂા.ર/– લેખે કુલ પ પાનાના રૂા.૧૦/– ભર્યેથી મળી શકશે તેવું નિયત સમય બાદ જણાવેલ છે. પરંતુ તે નાણા ભરીને અરજદારને મેળવેલ છે કે કેમ? તે બંને પક્ષકારો પૈકી કોઈએ જણાવેલ નથી. જેથી આ અરજી પૈકી મુદ્દા નં.૧,ર અને ૪ ના જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર અંગે તકરાર જણાતી નથી. પરંતુ મુદ્દા નં.૩ અને પ ની માહિતી વિના મૂલ્યે કલમ–૭(૬) હેઠળ આપવા જોગ થાય.

(૪)અરજદારની આઈ ડી નં.૧૧૪ તા.ર૯–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) સર્વે નં.૧ર/૧૩પર તા.ર૭–૩–૦૮ ના પ્રતિ કાર્યપાલક ઈજનેરશ્રી સેન્ટ્રલઝોન (શહેર વિકાસ વિભાગ) સુરત મહાનગરપાલિકાને અરજી આપી મિલ્કત નીચે મુજબનું રીપેરીંગ કરવાનું છે તેમ જણાવી રીપેરીંગની મંજુરી મેળવવા કરેલ અરજીની નકલ આપ સાહેબશ્રીને ર૭–૩–૦૮ આ અરજી સાથે મોકલી રહયો છું તો આ રીપેરીંગ કરવાની મંજુરી કાર્યપાલક ઈજનેરશ્રી એ કયારે આપી? તારીખ જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ મંજુરી આપેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પર જણાતું નથી. મુદ્દા નં.(ર) તા.ર–૪–૧૧ ના પત્ર નં.૦૯ થી મળેલ માહિતી પ્રમાણે રીપેરીંગ થયેલ ટેનામેન્ટનો નંબર ૧રએ–૧પ–૦૯૩૧–૦–૦૦૧ હતો તો આ ટેનામેન્ટ નંબર માં તો ઘણા ટેનામેન્ટ મેળવવામાં (ઉમેરવામાં આવ્યા છે) આવેલ છે તો રીપેરીંગ થયેલ ટેનામેન્ટનો જુનો ટેનામેન્ટ નંબર અને કયુ ટેનામેન્ટ રીપેરીંગ થયું? જાણકારી આપશો અને આ રીપેરીંગ થયેલ ટેનામેન્ટમાં કોનો વપરાશ વસવાટ હતો એટલે કે કબ્જેદાર કોણ હતાં કેટલા વર્ષે આ રીપેરીંગ થયેલ ટેનામેન્ટના કબ્જેદાર હતા માહિતી આપવા મે. કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ટેના નં.૧રએ–૧પ–૦૯૩૧–૦–૦૦૧ માં આ અગાઉ જણાવ્યા મુજબ આકારણી દફતરે દાખલ ભાડુત સરદારમાં કાસમખા તા.૧–૧ર–૦૬ થી કમી થતાં તેના માપો પ્રથમ કરપાત્ર વ્યકિતના ટેના નંબરમાં સામેલ કરેલ છે. જેમાં ઉપર જણાવ્યા મુજબ સરદારખાં કાસમખાં નામના ભાડુતનો વપરાશ હતો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) રીપેરીંગ માટે મંજુરી માંગતી અરજી તા.ર૭–૩–૦૮ ના સૈયદ સબીયા અબ્બાસ આગાહસન તરફથી આવેલ હતી તો રીપેરીંગ થઈ ગયા બાદ સ્થળ તપાસ કરવા (ખરાઈ કરવા) ગયેલ સર્વેયર સાહેબનો સ્થળ તપાસ રીપોર્ટની નકલ આરટીઆઈ હેઠળ ઉપલબ્ધ કરાવવા નમ્ર અરજ છે વહીવટી ખર્ચ ફી જે ભરવાની થાય તે અમો ભરવા રાજી ખુશી છીએ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી મંજુરી આપેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પર જણાતું નથી. આમ સદર અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૯ર તા.૧૬–૬–૧૧ થી દિન–૧૯ ના વિલંબથી અરજદારને માહિતી આપવામાં આવેલ છે અને દફતરી હકીકતના ઉપલક્ષ્યમાં આપેલ માહિતીના ત્રણેય મુદ્દા અંગે કોઈ વિવાદ જણાતો નથી.

(પ)અરજદારની આઈ ડી નં.૧૧૩ તા.ર૯–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) ૧ર/૧૩પર વાળી મિલ્કત પૈકીમાં આવેલ ટેનામેન્ટ ૧રએ–૧પ–૦૯૩૧–૦–૦૧૧ થી નોંધાયેલ હતું આ ટેનામેન્ટ ટ્રસ્ટના કબ્જામાં આવતા આ ટેનામેન્ટનો ભાડુઆત કમી કરી ગર્ડર ચેનલવાળુ બાંધકામ (રીપેરીંગ કરી) બનાવેલ છે આ ટેનામેન્ટના ભાડુઆત સરદારખાં કાશમખાં હતુ જે રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ બાંધકામ આ કારણે દફતરે ૧–૪–૦૭ ના અસરથી દાખલ કરેલ છે તેવી માહિતી માંગેલ માહિતીના જવાબમાં ર૧–૧–૧૧ ના પત્ર નં.૧૩૧ થી આપેલ છે જે આપને આ સાથે મોકલું છું આ ટેનામેન્ટ ૧રએ– ૧પ –૦૯૩૧–૦–૦૧૧ને રીપેરીંગ કરવા માટે મંજુરીની અરજી તા.૧–૪–૦૭ પહેલા આવેલ હશે તે મંજુરીની અરજીની નકલ અમોને ઉપલબ્ધ કરાવવા નમ્ર વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ટેના નંબર ૧રએ–૧પ–૦૯૩૧–૦–૦૧૧ ને રીપેરીંગ કરવા માટે મંજુરીની અરજી તા.૧–૪–૦૭ પહેલા આવેલ નથી. મુદ્દા નં.(ર) રીપેરીગ કરવા માટે સ્ટ્રકચરલ સ્ટેબીલીટી , સ્ટ્રકચરના ફોટા ૧–૪–૦૭ પહેલા આવેલ હશે તેની કોપી ઉપલબ્ધ કરાવવા નમ્ર વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ૧ર/૧૩પર વાળી મિલ્કત વકફ ટ્રસ્ટની છે તો વકફ ટ્રસ્ટના ટ્રસ્ટી ધ્વારા આ રીપેરીંગ થયેલ ટેના નં.૧ર–૧પ–૦૯૩૧–૦૧૧ ની રીપેરીંગ કરવાની મંજુરી આપના ટ્રસ્ટના લેટરપેડ ઉપર આવેલ મંજુરીપત્રની નકલ

અમોને ઉપલબ્ધ કરાવવા નમ્ર વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) આપની કચેરીએ કઈ તારીખે રીપેરીંગની મંજુરી આપી તેની જાણકારી આપવા નમ્ર વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં આવી કોઈ મંજુરી આવેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પર જણાતું નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) ઉપરોકત ટેનામેન્ટ રીપેરીંગ થયા પહેલા કે પછી રીપેરીંગ થઈ ગયા બાદમાં ખરાઈ કરવા ગયેલ સર્વેયર સાહેબના રીપોર્ટની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ વાળી મિલ્કત રીપેર થયા બાદ ખરાઈ કરવા ગયેલ સર્વેયરના રીપોર્ટની નકલ અગાઉ આપવામાં આવેલ છે તેમ છતાં રીપોર્ટની નકલ રૂા.૪/– ભર્યેથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. સદર અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૪૨ તા.૦૬–૬–૧૧ થી અરજદારને નિયત સમય અવધિ બાદ દિન–૯ ના વિલંબથી ફી ભરવા જણાવેલ છે.

આમ પ્રસ્તુત અરજીના પાંચ મુદ્દા પૈકી દફતરી વિગતે અપીલ મુદ્દા ૧ થી ૪ માં વિવાદ રહેવા પામે નહીં. મુદ્દા નં.૫ ની માહિતી કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે આપવા જોગ થાય.

(૬)અરજદારની આઈ ડી નં.૧૨૨ તા.૩૦–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) ૧૨/૧૩૫૨ વાળી મિલ્કત નોંધ નં./સર્વે નંબરમાં ૨૭–૩–૦૮ના સેન્ટ્રલઝોન શહેર વિકાસને તે સૈયદ સબીયા અબ્બાસ સૈયદ આગાહસન ધ્વારા જે અરજી કરવામાં આવેલી હતી તે અરજી આ સાથે બીડાણમાં મોકલેલ છે. તે શું વિષય સંદર્ભે અરજી આવેલ છે જાણકારી જાણશો. મુદ્દા નં.(૨) તા૨૧ –૩–૦૮ ના ૧૨એ –૧૫–૦૯૮૧–૦–૦૦૧ (૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ ) ના ટેનામેન્ટ નંબરનો સ્ટેબીલીટી રીપોર્ટ ૧૨/૧૩૫૨ વાળી મિલ્કત પૈકીના રીપેરીંગની જરૂરત છે દર્શાવતા ફોટોગ્રાફ આપની ઓફિસે સમબીટ થયેલ છે તે આ સાથે મોકલી રહયો છુ તો આ ફોટોગ્રાફ અને તા.૨૦–૧–૦૮ નો સ્ટેબીલીટી રીપોર્ટ જે આપની ઓફીસેથી માંગેલ માહિતીના જવાબમાં પ્રાપ્ત થયો હતો તો આ ટેનામેન્ટ ૧૨/૧૩૫૨ વાળી મિલ્કતમાં કબ્જેદાર વસવાટ કરનાર કોણ હતા અને કઈ તારીખે આ ટેનામેન્ટ રીપેરીંગ થયું? જાણકારી આપશો. મુદ્દા નં.(૩) ઉપરોકત ટેનામેન્ટ તા. ૨૧–૩–૦૮ બાદ રીપેરીંગ થયો છે તેની સ્થળ તપાસ કરવા સર્વેયર સાહેબ કઈ તારીખે ગયા અને સ્થળ તપાસતાં રીપોર્ટની કોપી ઉપલબ્ધ કરાવવા વિનંતી. મુદ્દા નં.(૪) ઉપર લખેલ ટેનામેન્ટ નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ સિવાય કોઈ ટેનામેન્ટ છેલ્લા ૫ વર્ષમાં ૧૨/૧૩૫૨ માં રીપેરીંગ થયો હોય તો કઈ તારીખે રીપેરીંગ થયો? તેનો ટેનામેન્ટ નંબર નવો/જુનો જણાવશો અને તે રીપેરીંગ થયો હોય તે ટેનામેન્ટ નંબરની રીપેરીંગની મંજુરી માંગતી અરજી સ્ટેબીલીટી રીપોર્ટ અને તેને લગતા આવેલ પેપર્સ અમોને ઉપલબ્ધ કરાવવા નમ્ર અરજ છે. કોપી આપવાનો ખર્ચ થાય તે જણાવશો અમો ભરવા રાજી ખુશી છીએ. સદર અરજી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી. જેની માહિતી નિયત સમય અવધિ પૂર્ણ થયેલ હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે આપવા જોગ થાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૪–૧૧ ની અરજી બાબતે અરજદારે તા.૧૩–૫–૧૧ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં માહિતી નહીં મળ્યાની રજૂઆત કરીને અપીલ અરજી કરવામાં આવેલ. ત્યાર બાદ અપીલ તબકકે તા.૨–૬–૧૧ ના રોજ તા.૬–૪–૧૧ સહિત અન્ય તા.૧૧–૪–૧૧, તા.૨૦–૪–૧૧, તા.૨૯–૪–૧૧ ની બે તથા તા.૩૦–૪–૧૧ ની અરજીથી માહિતી નહીં મળ્યાનું મુળ અરજી અને ફી ની વિગતો સહિત પુનઃ અપીલ અરજી કરેલ છે.

અરજદારની તા.૬–૪–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ માહિતીમાં અરજદારને માહિતી આરટીઆઈ એકટની કલમ–૪(૧)(બી) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવતી હોય અરજદારને અરજીથી માંગેલ સઘળા મુદ્દાની નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારની તા.૨–૬–૧૧ ના રોજની અપીલ અરજીના અનુસંધાને તેઓની તા.૧૧–૪–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે નીતિ અને જોગવાઈ સંબંધી હકીકતલક્ષી માહિતી તથા મુદ્દા નં.૪ ની બીડાણની માહિતી , અરજદારની તા.૨૦–૪–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ અને ૫ ની માહિતી, તા.૨૯–૪–૧૧ ની આઈ ડી નં.૧૧૩ થી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૫ ની માહિતી તથા તા.૩૦–૪–૧૧ ની અરજીથી માંગેલ માહિતીના તમામ મુદ્દાની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેથી જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

૫.

તા.૨૯–૪–૧૧ ની આઈ ડી નં.૧૧૪ થી માંગેલ માહિતી બાબતે ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે વિવાદને કોઈ સ્થાન નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ)ઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કે.એ. ધીવાલા ,